# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા, ભાવનગર મહાનગરપાલિકા હેઠળ કાર્યરત ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારના આંગણવાડી કેન્દ્ર પરની આંગણવાડી કાર્યકર/તેડાગરની ખાલી જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને. ૨૦૨૦/૨૧.

---

આઈ.સી.ડી.એસ. શાખા, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુંક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

**અરજી માટે વેબસાઈટસઃ https://e-hrms.gujarat.gov.in)**

| ઝોનની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકર | | | આંગણવાડી તેડાગર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | હાલની ખાલી જગ્યા | સંભવિત ખાલી જગ્યા | કુલ | હાલની ખાલી જગ્યા | સંભવિત ખાલી જગ્યા | કુલ |
| ૨ | ૨ | ૪૬ | ૭ | ૫૩ | ૪૮ | ૪ | ૫૨ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગે મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે. (માર્ગદર્શિકા મુજબ)
- રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૩/૧૦/૨૦૨૦ના આદેશથી ભાવનગર મહાનગરપાલિકાની નવી વોર્ડ રચના નિર્ધારીત કરવામાં આવેલ છે. ઉપરની શરતમાં "સ્થાનિક રહેવાસી" જે-તે નવી વોર્ડ રચના મુજબનું જ ગણવાનું રહેશે અને તે અંગે સીટી મામલતદારશ્રીનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ-ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ. (માર્ગદર્શિકા મુજબ)
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર જે તે આંગણવાડી કેન્દ્રના તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- જાહેરાતમાં માંગેલ ડિગ્રી અન્વયે પુર્ણ કરેલ ડિગ્રીની તમામ માર્કશિટ અપલોડ કરવી. અપુર્ણ ડિગ્રી માન્ય રહેશે નહિ.
- એફિડેવિટ(સોગંદનામા)ના તમામ પાના સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. અધુરી વિગતે માન્ય રહેશે નહિ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સુચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયા તા.૧૯/૦૧/૨૦૨૧ થી ૦૮/૦૨/૨૦૨૧ (રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

વધુ માહિતી માટે અર્બન ઘટક ૧ અને અર્બન ઘટક ૨ ના બાળ વિકાસ યોજના અધિકારી (આઈ.સી.ડી.એસ.), ઝોનલ કચેરીનો સંપર્ક કરવો.

S.A. Nak

પ્રોગ્રામ ઓફિસર
આઈ.સી.ડી.એસ. શાખા,
ભાવનગર મહાનગરપાલિકા.

કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા.
ભાવનગર.